# શહેરમાં પાણી પૂરતા ફોર્સથી ન આવતા ગૃહિણીઓમાં કકળાટ

**આજે પૂરતા સમય સુધી પાણી પુરવઠો ન અપાયો હાવોની બૂમ : પાણી પૂરતા ફોર્સથી ન આવતા નગરજનોને હાલાકી**

ગાંધીનગર, તા.૨

આજે શહેરના જૂના અને નવા સેકટરોમાં પૂરતા ફોર્સથી પાણી ના આવતા સેકટરવાસીઓએ હાલાકી વેઠવી પડી હતી પાણીની લાઈનમાં વારંવાર થતા ભંગાણ અને ટેકનીકલ ખામીને લીધે સેક્ટરોમાં પાણીની પુકાર ઉઠવા પામી છે આજે પણ શહેરના જૂના અને નવા સેક્ટરોમાં પૂરતા સમય સુધી પાણી આવ્યું ન હતું આ ઉપરાંત પાણીનો ફોર્સ પણ ખૂબ જ ધીમો રહ્યો હતો

ગાંધીનગર શહેરમાં પાણીનો માથાદીઠ વપરાશ સમગ્ર દેશમાં સૌથી વધુ છે દાયકા પૂર્વે શહેરના જૂના અને નવા સેકટરોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી હતી આ દરમિયાન નવા સેક્ટરમાં પાણીની નવી ટાંકી નું નિર્માણ કરાયું હતું આ ઉપરાંત પાઈપલાઈન પણ નવી નાખવા માં આવી હતી પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કર્યા બાદ શહેરના જુના અને નવા સેકટરોમાં સામાન્ય સપ્લાય આપવાનું શરૂ કરાયું હતું અગાઉ જુના અને નવા સેકટરોમાં જુદા જુદા સમયે પાણી વિતરણ કરવામાં આવતું હતું પરંતુ વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કર્યા બાદ સમગ્ર શહેરમાં કોમન જૈંજ્ઞઅ આપવાની શરૂઆત કરવામાં આવી હતી શહેરની વધતી વસ્તી અને વિકાસ મુજબ દિન-પ્રતિદિન પાણીની માંગ વધતી

● અનુસંધાન પાન-૭ પર

# આજે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો લોકસભાની ચૂંટણી અંગે વ્યૂહ રચના ઘડશે

**ભાજપમાં કેન્દ્રીય નાણાંમંત્રી; મુખ્યમંત્રી હાજર રહેશે તો કોંગ્રેસમાં પ્રભારી જીતેન્દ્ર બઘેલ અને પ્રદેશ અગ્રણીઓ હાજર રહેશે**

ગાંધીનગર, તા. ૨

લોકસભાની આવી રહેલી ચૂંટણીઓને લઈ જિલ્લામાં રાજકીય ગતિવિધિ તેજ બની છે.

ગાંધીનગર લોકસભા તેમજ અમદાવાદ બેઠકને લઈ ભાજપ-કોંગ્રેસ દ્વારા આજે કાર્યકરોની બેઠકો યોજવામાં આવી હોવાથી પાટનગરમાં રાજકીય ગરમાવો વધી જવા પામ્યો છે.

ગાંધીનગર તેમજ અમદાવાદની લોકસભાની ત્રણેય બેઠકોને લઈ ભાજપ દ્વારા કલ્સ્ટર બેઠકનું આયોજન કેન્દ્રીય નાણાંમંત્રી પિયુષ ગોયલ, મુખ્યમંત્રી રૂપાણી તથા પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં સે. ૧૬ના રંગમંચ ખાતે બપોરે ૩ વાગે યોજવામાં આવેલ છે.

આ બેઠકને લઈ ભાજપ દ્વારા વોર્ડ બેઠકો પણ યોજવામાં આવી હતી હવે આજે કલ્સ્ટર બેઠક યોજાઈ રહી છે.

તો બીજી તરફ કોંગ્રેસ પક્ષના નિરીક્ષક જીતેન્દ્ર બઘેલજીની ઉપસ્થિતિમાં ગાંધીનગર લોકસભા બેઠકની રણનીતિ તૈયાર કરવા શહેર કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક કોંગ્રેસ કાર્યાલય ખાતે મળશે. બપોરે બે વાગે આ બેઠકનું આયોજન કરાયુ છે.

આ બેઠકમાં ધારાસભ્યો પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશ ડેલીગેટ્સ તેમજ સાથી સંગઠ્ઠનના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહેનાર છે. ગત પખવાડિયામાં જિલ્લાની બેઠક સે. ૨૩ લગ્નવાડી ખાતે યોજાઈ હતી જે નોંધનીય છે. બન્ને પક્ષો દ્વારા યોજવામાં આવેલ સમાંતર બેઠકોને લઈ રાજકીય ગરમાવો વધુ જોવા મળી રહ્યો છે.



ઉત્તરાર્ધ મહોત્સવ - ઉત્તર ગુજરાતના પ્રવાસન તીર્થ મોઢેરા સૂર્યમંદિર ખાતે દેશના જાણીતા નૃત્યકારોના નર્તનથી ઉત્તરાર્ધ મહોત્સવનો આરંભ થયો હતો... પ્રતિવર્ષ યોજાતા ઉત્તરાર્ધ મહોત્સવમાં ભાગલેવા રાજ્ય અને રાષ્ટ્રના પ્રસિદ્ધ નૃત્યકારો પોતાની અભિવ્યક્તિ માટે આવે છે... બે દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવમાં એક - એકથી ચડિયાતા નૃત્યો નિહાળી કલારસિકો મંત્રમુગ્ધ થઈ જાય છે...

# જિલ્લાના ૫૫૦૦ ખેડૂતોને ૩ કરોડ ૨૪ લાખની સહાય ચુકવાઈ

**ચોમાસુ નિષ્ફળ જતાં ત્રણ તાલુકામાં કૃષિ ઈનપુટ સહાયનું વિતરણ ચાલુ કરાયુ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ચોમાસુ નિષ્ફળ ગયા બાદ સરકારે જાહેર કરેલ કૃષિ ઈનપુટ સહાયમાં ૫૫૦૦ જેટલા ખેડૂતોને રૂ. ૩ કરોડ ૨૪ લાખની સહાયની ચુકવણીના આદેશો જારી કરી દેવામાં આવ્યા છે.

૪૫૦ મી.મી. કરતાં ઓછો વરસાદ જિલ્લાના ત્રણ તાલુકામાં નોંધાયા બાદ સરકારે ખાસ કિસ્સામાં ખેડૂતોને કૃષિ ઈનપુટ સહાય ચુકવવાના આદેશ કર્યા હતા. આ માટે જિલ્લાના ખેડૂતો પાસેથી અરજીઓ માંગવામાં આવી હતી.

૩૧મી જાન્યુઆરી સુધી જિલ્લાને ૪૮,૩૩૫ અરજીઓ મળી હતી. મળેલ અરજીઓ મુજબ જિલ્લાનો ૪૨,૭૦૦ હેકટર વિસ્તાર અસરગ્રસ્ત વિસ્તાર થાય છે.

માણસા તાલુકામાં ૩૦૦ મિ.મિ. કરતાં ઓછો વરસાદ થતાં રૂ. ૬૩૦૦ લેખે, ગાંધીનગર તાલુકામાં ૩૫૦ મિ.મિ. કરતાં ઓછો વરસાદ થતાં રૂ. ૫૮૦૦ અને કલોલ તાલુકામાં ૪૦૦ મિ.મિ. કરતાં ઓછો વરસાદ થતાં રૂ. ૫૩૦૦ લેખે આ સહાય ચુકવવામાં આવી રહી છે.

જિલ્લાતંત્ર દ્વારા અરજીઓની ચકાસણીને અંતે ૫૫૦૦ જેટલા ખેડૂતોને રૂ. ૩ કરોડ ૨૪ લાખથી વધુની સહાય ચુકવી આપવામાં આવી છે. જેમાં માણસા તાલુકાના ૨૧૪૮ ખેડૂતો, ગાંધીનગરના ૧૩૫૨ અને કલોલના ૨૦૦૦ ખેડૂતોને આ સહાયની ચુકવણીના હુકમો જારી કરી દેવામાં આવ્યા છે.

જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે અરજીઓની ચકાસણી પ્રક્રિયા સઘન બનાવી દેવાઈ છે અને એક સપ્તાહમાં અરજી કરનાર ખેડૂતોને આ સહાય ચુકવી દેવામાં આવશે.

# જિલ્લામાં સ્વાઈન ફલુના ૪ કેસ મળ્યા

**બે મહિલા અને બે પુરૂષ દર્દી સ્વાઈન ફલુની ઝપટમાં, ગાંધીનગર-દહેગામ તાલુકામાં બે-બે કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુ પોઝીટીવના વધુ ૪ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આ સાથે જિલ્લામાં આ સિઝનમાં સ્વાઈન ફલુના કુલ કેસ-૧૧ થયા છે.

જિલ્લામાં ઠંડીનું જોર વધતાં જ સ્વાઈન ફલુના વાયરસ એક્ટીવ થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા બે દિવસ દરમ્યાન બે-બે કેસ નોંધાયા છે. આ દર્દીઓને સારવાર માટે અમદાવાદ દાખલ કરવામાં આવ્યા છે અને ત્યાં આ દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

હરકતમાં આવેલા તંત્રએ દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સના હુકમો જારી કરી દીધા છે તેમજ મળી આવેલા દર્દીઓના સગાઓ જે તેની નજીક રહે છે તેમને પણ સર્વેલન્સમાં આવરી લીધા છે.

જે ૪ કેસ નોંધાયા છે તેમાં બે મહિલા દર્દી અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ઝુંડાલના ૬૨ વર્ષીય વૃદ્ધાને પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ ઉપરાંત પ્રાંતિયા પી.એચ.સી. વિસ્તારમાં એક ૨૫ વર્ષીય મહિલાને પણ પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ બન્ને દર્દી હાલ અમદાવાદમાં સારવાર હેઠળ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના અમરાજીના મુવાડા ખાતે ૭૦ વર્ષીય વૃદ્ધને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ ઉપરાંત આજ તાલુકાના મોટા જલુન્દ્રા ગામના ૬૧ વર્ષીય આધેડને પણ સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે.

આ દર્દીઓને પણ અમદાવાદ સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. નોંધાયેલા ૪ કેસમાં બે કેસ ગાંધીનગર તાલુકાના છે જ્યારે બે કેસ દહેગામ તાલુકામાં નોંધાયા છે. સ્વાઈન ફલુના કેસોને પગલે તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે. તંત્ર દ્વારા તબીબી અધિકારીઓને પણ સતર્ક રહી પરિસ્થિતિ પર નજર રાખવા તાકીદ કરાઈ છે. જિલ્લામાં છેલ્લા એક માસમાં જ ૧૧ કેસ નોંધાતા આ રોગ સામે તંત્ર દ્વારા જનજાગૃતિ અભિયાન પણ સઘન બનાવવામાં આવ્યુ છે.

## છેલ્લે.. છેલ્લે..

- નિવૃત્ત આઈપીએસ અધિકારી જે.કે. ભટ્ટની ગુજરાત માનવ અધિકાર પંચમાં નિમણુંક
- રાજીનામુ આપનાર ઊંઝાના કોંગ્રેસી ધારાસભ્ય ડો. આશાબેન પટેલ એપીએમસીની ચૂંટણી લડશે એવી અટકળો.
- કચ્છના વધુ બે કોંગ્રેસી ધારાસભ્યો પક્ષ છોડવાની અફવાને મોડી સાંજે રદીયો અપાયો.
- માઉન્ટ આબુમાં લઘુત્તમ તાપમાન ૦ ડીગ્રીએ રહ્યું.
- રાજ્યમાં સ્વાઈન ફ્લુથી વધુ ચારના મૃત્યુ થતાં કુલ મૃત્યુઆક ૩૮ પર પહોંચ્યો. વધુ ૪૪ કેસ નોંધાયા.
- તાજેતરમાં એનસીપીમાં જોડાયેલા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાજકોટમાં શક્તિદળની રચનાની જાહેરાત કરી હતી.
- રાજકોટમાં કોકીલાબેન અંબાણી કેન્સર રીસર્ચ સેન્ટર સ્થાપવાની ટીના અંબાણીએ જાહેરાત કરી.
- પોરબંદર પાસે બરડામાં નવુ અભ્યારણ બનાવવાની માંગણી કેન્દ્ર સરકારે ફગાવી.
- ૯૭૧ કરોડના ખર્ચે તાપીના શુધ્ધિકરણની યોજના
- રાજકોટ કલેક્ટર રાહુલ ગુપ્તા અને રાજકોટ કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર વચ્ચે ઉગ્ર બોલાચાલી : ચાલુ વીડિયો કોન્ફરન્સમાં ઘુસી આવતા વિવાદ.
- સુરેન્દ્રનગરથી સોમાભાઈ ગાંડાભાઈ પટેલ કોંગ્રેસના ઉમેદવાર બનશે તેવી જાહેરાત : લોકસભાની ચૂંટણી લડશે.
- આજે ગાંધીનગર ખાતે યોજનાર ભાજપની કલસ્ટર બેઠકમાં ઉપસ્થિત રહેનાર કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલનો છેલ્લી ઘડીએ કાર્યક્રમ રદ.
- હવામાન વિભાગની આગામી બે દિવસ ગુજરાતમાં કોલ્ડવેવની આગાહી

# શહેરની ફુટપાથ પર હજુ મોટામસ ગાબડા

**વાયબ્રન્ટ દરમિયાન જ તંત્રએ લાખો રૂપિયા ખર્ચ કરી ફુટપાથનું રિપેરીંગ હાથ ધર્યું હતુ**


ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં ફૂટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે શહેરના વિવિધ માર્ગો પર દોઢ દાયકા પૂર્વે આયોજન કરવામાં આવ્યું હતું જ્યારે તબક્કાવાર નગરના મોટા ભાગના રસ્તાઓ આસપાસ ફૂટપાથનું નિર્માણ કરાયું છે પરંતુ હાલની સ્થિતિ એ વૉક-વે પર મોટા મોટા ગાબડાં જોવા મળે છે થોડા સમય અગાઉ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ફૂટપાથ રીપેરીંગ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો શહેરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું હતું માર્ગ સુધારણા તેમજ બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે આ ઉપરાંત ફૂટપાથ પર જોવા મળતા ગાબડા પુરવા અંદાજીત રૂપિયા ૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે પરંતુ શહેરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત ફૂટપાથ હજુ ટાઈલ્સ ઉખડેલી જોવા મળે છે. ઘ-૨ પાસે પણ ફૂટપાથ વચાળે મોટું ટાઈલ્સ ઉખડેલી જોવા મળે છે મોર્નિંગ વોક કરનારાઓ માટે પણ ફૂટપાથ જોખમી બની છે ફૂટપાથ રીપેરીંગનું કામ પણ યોગ્ય રીતે ન થતા નગરજનો માટે નવી સમસ્યા ઉભી થઈ છે ગ માર્ગ પર આરટીઓ રહીશોમાં પણ આ સ્થિતિને અનુલક્ષી આક્રોશ પ્રવર્તી છે ફૂટપાથ ની જાળવણી માટે તંત્ર ઉદાસીન થઈ ભાગ બેસી ગયો છે તંત્ર દ્વારા આ સ્થિતિ વચ્ચે ફૂટપાથની સાઈડમાં કલર કામ પણ કરવામાં આવ્યું હતું



ગાબડું છે શહેરમાં ફૂટપાથ ના અંતે યોગ્ય જાળવણી નું કામ સમયાંતરે હાથ ધરાતું નથી જેના લીધે હાલ ફૂટપાથ પર ઘણી બધી જગ્યાએ પર ઠેર ઠેર ખાડા તૂટી ગયેલા વૃક્ષનાં થડ પણ ગમે ત્યારે રાહદારીઓ માટે અકસ્માતનું કારણ બને તેમ છે આવા સંજોગોમાં ફૂટપાથના કચેરી નજીક એક બાજુ ફુટપાથ નું કામ હજુ પણ પૂર્ણ થયું નથી ફૂટપાથ પર વોકિંગ કરતા ટાઈલ્સ ખખડતી હોવાનો અવાજ આવે છે સ્થાનિક રહ્યું હોવાનું પણ સૂર ઉઠવા પામ્યો છે બીજી તરફ સ્થાનિક રહીશો પણ વૉક-વે પર વાહનો દોડાવી રહ્યા છે જેના લીધે ઘણા ઠેકાણે વૉક-વે અમુક ફુટપાથ નિર્માણની કામગીરી પૂર્ણ કરવા ઉપરાંત વૉક-વે પરના ગાબડા પુરવા તંત્ર દ્વારા કામગીરી હાથ ધરાય તે અનિવાર્ય છે.


## બેસણું (સરઢવવાળા)



અમારા માતૃશ્રી ગં. સ્વ. લીલાબેન વિઠ્ઠલદાસ પટેલ (ચોકસી) તા. ૩૦/ ૧/૨૦૧૯ ને બુધવાર ના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતનું બેસણું તા. ૩/૨/ ૨૦૧૯ ને રવિવાર ના રોજ સવારે ૮:૦૦ થી ૧૦:૩૦ કલાકે રાખેલ છે.

સ્થળ : સર્વમંગલ હોલ, વિવેકાનંદ ચોક, મેમનગર, અમદાવાદ

લી.

પટેલ વિઠ્ઠલદાસ રાયચંદદાસ ચોકસી પરિવાર

પટેલ પ્રવિણભાઈ વિઠ્ઠલદાસ — પટેલ હાર્દિક પ્રવીણભાઈ
પટેલ ભરતભાઈ વિઠ્ઠલદાસ (રાજુભાઇ) — પટેલ જિલ ભરતભાઇ
પટેલ ઇન્દ્રવદન વિઠ્ઠલદાસ (શૈલેશભાઈ) — પટેલ શ્રીકુંજ ઇન્દ્રવદન
પટેલ સંજયભાઈ વિઠ્ઠલદાસ — પટેલ પાર્થ સંજયભાઈ

(મો.) ૯૮૭૯૦૫૪૨૫૫, ૯૮૨૫૬ ૫૪૨૧૧
મે. વિ. આર. ઝવેરી (સી. જી. રોડ)
મે. ચોકસી ચંદુલાલ વિઠ્ઠલદાસ એન્ડ કં. (માણેકચોક)

પીયરપક્ષ નું બેસણું ઉપરોકત સ્થળે અને સમય રાખેલ છે.
પટેલ અંબાલાલ મગનદાસ પરિવાર (ગોઝારીયાવાળા)
સ્વ. પટેલ ગોવિંદભાઇ અંબાલાલ — પટેલ ચંદુભાઈ અંબાલાલ (ચોકસી)
સ્વ. પટેલ ભીખાભાઇ અંબાલાલ — પટેલ કનુભાઈ અંબાલાલ (ચોકસી)
(M) ૯૮૨૫૮ ૮૬૨૩૨, ૯૮૭૯૧ ૪૮૪૨૬

## છઠ્ઠી પુણ્યતિથિએ ભાવભીની અંજલિ



**સ્વ. જયાબા કેસરીસિંહ વાઘેલા**
સ્વર્ગવાસ તા. ૩-૨-૨૦૧૩

આપનું જીવન, પરિવાર, સગા-સંબંધી અને સમાજ માટે સમર્પિત રહ્યું. આપ વિના અમો ઉણપ અનુભવીએ છીએ. આપના આદર્શો, મહેનત, સંઘર્ષ, મનોબળ, સફળતા, સમભાવ અને પ્રેમાળ સ્વભાવ અમારા જીવનનો સુપથ નક્કી કરશે જ.

અમે ગમગીન હ્રદયે અને અવિરત અશ્રુભીની આંખે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, આપને સદ્ગતિ અર્પે.

કેસરીસિંહ ગોબરસિંહ વાઘેલા (લેકાવાડા)
અમરીષસિંહજી કે. વાઘેલા — ધવલસિંહજી કે. વાઘેલા
પ્રવિણસિંહજી બી. વાઘેલા — પૃથ્વીરાજસિંહજી કે. વાઘેલા

## દુકાન વેચવાની છે

પેથાપુર પ્રણામ સ્કેવરમાં ગ્રાઉન્ડ ફલોરમાં 160Sq. feet ફુલ ફર્નિચર, કાઉન્ટર ટેબલ સાથે, દુકાન (ગારમેન્ટ લાયક) વેચવાની છે.
મો. ૯૫૫૮૩ ૭૯૦૨૧
૭૫૬૭૪ ૮૩૯૦૨

## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

## કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com